વિદ્યાલય અંગે થોડીક વિચારણા

લેખક : **શ્રી ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ મહેતા**

॥ नमो नमो नाणदिवायरस्स ॥

કેળવણીની પ્રધાનતાના ચાલુ જમાનામાં જ્યારે કેળવણી લેનારાની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે તે વખતે કેળવણીની પ્રગતિમાં બોર્ડિંગો અને વિદ્યાલયો અગત્યનો ભાગ ભજવે છે. કેળવણીનો વિચાર કરતી વખતે આવી જાતનાં વિદ્યાલયો કેવી રીતે જનસમાજને ઉપયોગી થઈ પડે તેમ છે, તે વિચાર કરવાનું ખૂબ જ જરૂરી છે. કારણ કે આપણી કોમનો મધ્યમ અને સાધારણ સ્થિતિનો મોટો ભાગ આવી સંસ્થા મારફત જ કેળવણી લઈ શકે છે. આવાં વિદ્યાલયોમાં રહીને વિદ્યાર્થીઓ ઓછા ખર્ચે સારી રીતે રહી શકે તે માટે વિદ્યાલયોની જરૂરિયાત અનિવાર્ય છે. સ્કૂલની—કૉલેજની કેળવણીમાં તો ફક્ત માનસિક તથા જરૂર પૂરતી વ્યાવહારિક કેળવણી મેળવી શકાય છે, જ્યારે આવાં વિદ્યાલયોમાં શારીરિક અને નૈતિક તેમ જ ધાર્મિક કેળવણી મળવાથી વિદ્યાર્થીઓની શક્તિઓનો વિશેષ વિકાસ થાય છે. વિદ્યાર્થીઓ સાથે રહી અભ્યાસ કરે અને પોતાનું જીવન આવી સંસ્થાઓમાં પસાર કરે તેમાં અનેક જાતના લાભો સમાયેલા છે. તેઓની માનસિક શક્તિ કેળવવા માટે શાળાઓમાં અને કૉલેજોમાં ઘણો જ ટૂંક સમય મળતો હોવાથી પરીક્ષાપૂરતો જ અભ્યાસક્રમ ગોઠવવામાં આવે છે; જ્યારે વિદ્યાલયોમાં માનસિક ઉપરાંત શારીરિક તેમ જ ધાર્મિક અભ્યાસનો પ્રબંધ હોઈ આવી સંસ્થા વિશેષ ઉપયોગી નીવડે છે.

આવી જાતનાં વિદ્યાલયોનો હેતુ શો હોવો જોઈએ તે ખાસ વિચારવા લાયક બાબત છે. આવી સંસ્થાઓ મારફત શિક્ષણ લેવાનો મુખ્ય ઉદ્દેશ દરેક વિદ્યાર્થીના ચારિત્રના વિકાસનો હોવો જોઈએ—પછી ભલે આ મુખ્ય હેતુની સાથે બીજા નાનામોટા હેતુઓ સંકળાયેલા હોય. મતલબ કે વિદ્યાર્થી સેવા, સંયમ અને સ્વાશ્રયનું મહત્ત્વ સમજીને જીવનમાં એને અપનાવી શકે અને પોતાની જાત, કુટુંબ તથા દેશ તરફ પોતાનું કર્તવ્ય બરાબર રીતે અદા કરી શકે એવી કેળવણી એને મળવી જોઈએ અને તે ફક્ત આવી **સંસ્થાઓ મારફત જ મળી શકે છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભ્યાસનો ઉદ્દેશ શું છે ? વિચાર–વિનિમય કે ચર્ચા-વિચારણા આદિથી જ્ઞાનને કસવું અને પ્રગટ કરવું. માત્ર પુસ્તકો ગોખી જવાથી કાંઈ વળતું નથી. આજની કેળવણી માણસના દિલનો જે બગાડો કરે છે તેને દૂર કરવા ધાર્મિક અભ્યાસ આવશ્યક છે; તે માટે આવાં વિદ્યાલયો સ્થાપવામાં આવે છે. વિદ્યાલયનો એક હેતુ માણસનું વ્યક્તિત્વ ખીલવવું એ પણ છે. સહનિવાસ અને સહાધ્યયનનાં સંસ્મરણો મીઠાં હોય છે. તેમાં વિદ્યાર્થીઓ વિચારોની આપ-લે કરે છે, આદર્શો ઘડે છે અને શું બનવું તેનાં સ્વપ્નો સેવે છે. નિશાળમાં અગર કૉલેજમાં તો ફક્ત ચાર કે પાંચ કલાક સાથે રહી શકે છે, જ્યારે વિદ્યાલયોમાં ચોવીસ કલાક ભેગાં રહેવાનું એટલે એકબીજાને સારી રીતે ઓળખી શકે અને સંગઠન અને શિસ્ત સાધી શકે.

ઉપર સૂચવ્યું તે પ્રમાણે શ્રી મહાવીર જૈન વિદ્યાલય એ જૈન સમાજના વિદ્યાર્થીઓ માટે એક આશીર્વાદ સમાન સંસ્થા છે. આજથી બાસઠ વર્ષ પૂર્વે–સને ૧૯૦૬માં ગુજરાત-કાઠિયાવાડના અમો દસ-બાર વિદ્યાર્થીઓ જ્યારે કૉલેજના અભ્યાસ માટે મુંબઈ ગયેલા ત્યારે ત્યાં શ્વેતાંબર અગર સ્થાનકવાસી કોઈ પણ બોર્ડિંગ હસ્તી ધરાવતી ન હતી, એટલે અમો બહુ જ મુશ્કેલીમાં મુકાઈ ગયેલા. પણ સદ્‌ભાગ્યે દિગંબર સંપ્રદાયની તારદેવ ઉપર આવેલી હીરાચંદ ગુમાનજીની જૈન બોર્ડિંગમાં થોડી જગ્યાઓ ખાલી હતી એટલે ત્યાંના સંચાલક શેઠ માણેકચંદ પાનાચંદભાઈને અમારી મુશ્કેલીની વાત કહી એટલે તેમણે ઘણી ખુશીથી બોર્ડિંગમાં રહેવાની સંમતિ આપી. એટલે અમે જુદાં જુદાં શહેરોના વિદ્યાર્થીઓ સાથે રહીને અભ્યાસ કરી શક્યા.

એ વખતે ઉચ્ચ કક્ષાનો અભ્યાસ કરનારની સંખ્યા બહુ અલ્પ રહેતી, છતાં આપણી કોઈ બોર્ડિંગનો અભાવ અમોને બહુ સાલતો હતો. ઉત્તરોત્તર અભ્યાસીઓની સંખ્યા વધતા જતાં વિદ્યાર્થીઓને ઘણી અગવડતા જણાવા લાગી એટલે સંવત ૧૯૭૧—સને ૧૯૧૫ માં—જૈન કોમના સદ્‌ભાગ્યે, પ. પૂ. પ્રાતઃસ્મરણીય દીર્ઘદર્શી આચાર્ય વિજયવલ્લભસૂરિજી મહારાજ સાહેબને એવી પ્રેરણા થઈ આવી કે જે વ્યક્તિ અને સમાજ શિક્ષણમાં અગ્રેસર હશે તે બધી લાઈનોમાં અગ્રેસર થઈ શકશે. તેઓશ્રીની આ પ્રેરણા શ્રીસંઘે સહર્ષ ઝીલી લીધી અને તેને પૂરતી સહાય આપી પ્રગતિશીલ બનાવી.

આ રીતે આ સંસ્થાએ ઉત્તરોત્તર પ્રગતિ સાધતાં તેની સૂવર્ણજયંતી ઊજવવા ભાગ્યશાલી થયેલા છીએ. આ સંસ્થા દ્વારા ઉચ્ચ શિક્ષણ અને સંસ્કાર પામેલા સેંકડો વિદ્યાર્થીઓ ભારત અને પરદેશમાં જુદા જુદા સ્થળે ધંધા અને નોકરી સાથે ધર્મ અને સેવાના ક્ષેત્રે સારી સુવાસ ફેલાવી રહ્યા છે. ચાલુ જમાનાની આર્થિક પરિસ્થિતિનો વિચાર કરતાં અસહ્ય મોંઘવારીમાં ઉચ્ચ શિક્ષણનું ખર્ચ મધ્યમવર્ગના માનવીઓ ક્યાંથી કરી શકે તેનો વિચાર કરતાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ઉપયોગિતાનો સાચો ખ્યાલ આવી શકે છે.

બાસઠ વર્ષ પહેલાં ઉચ્ચ અભ્યાસમાં વાર્ષિક રૂ. ૫૦૦ થી ૬૦૦ જેટલું ખર્ચ થતું; જ્યારે અત્યારે રૂા. ૨૦૦૦થી પણ વધારે ખર્ચ આવે છે. એ વખતે મધ્યમવર્ગના વિદ્યાર્થીને લોનરૂપે એક જ સંસ્થા શ્રી ધરમચંદ ઉદયચંદ એજ્યુકેશન ફંડમાંથી તે ફંડના સંચાલક મુરબ્બી જીવણચંદભાઈ (હાલ મુનિ શ્રી જિનભદ્રવિજયજી) જરૂરપૂરતી સહાય કરી વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાની સારી એવી અનુકૂળતા કરી આપતા. હાલ વિદ્યા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લયમાં ઘણાં ટ્રસ્ટો થવાથી તેનો લાભ ઘણા વિદ્યાર્થીઓ લઈ રહ્યા છે, અને પોતાના હાર્દિક આશીર્વાદ વરસાવી રહ્યાં છે. દેશમાં કેળવણીની માંગ દિનપ્રતિદિન વધતાં શ્રી મહાવીર વિદ્યાલયે સમયને પારખી મુંબઈ ઉપરાંત અમદાવાદ, પૂના, વડોદરા અને આણંદમાં તેની શાખાઓ શરૂ કરી, અને તેનો લાભ જૈન સમાજના વિદ્યાર્થીઓ અત્યારે સારા પ્રમાણમાં લઈ રહ્યા છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને દાખલ કરવાનું ધોરણ બહુ ઊંચુ હોઈ ફર્સ્ટ કલાસ વિદ્યાર્થીને સહેલાઈથી પ્રવેશ મળી શકે છે; જ્યારે સેકન્ડ કલાસ તથા ઓછા માર્ક્સવાળા વિદ્યાર્થીઓને ટ્રસ્ટસ્કૉલરની સગવડથી જે અપૂર્વ લાભ મલી રહે છે તેથી તેઓ પોતાના કુટુંબને બોજારૂપ બન્યા વગર અભ્યાસ ચાલુ રાખી શકે છે. આવી ઉપયોગી સંસ્થાને આર્થિક ભીંસ ભોગવવી પડે તે સમાજના માટે યોગ્ય ન ગણાય એટલે એમાં અભ્યાસ પૂરો કરીને ધંધામાં જોડાયેલા ભાઈઓ તથા બહેનો એને હમેશાં યથાશક્તિ આર્થિક સહાય આપે અને અપાવવા માટે મહેનત લે તો વિદ્યાલયને બહુ સુગમતા રહે.

મોરબી શહેરમાં આર્ટ્સ, સાયન્સ, કોમર્સ, એન્જીનીયરીંગ અને ડીપ્લોમા કોર્સની કૉલેજો હોઈ ગુજરાત–સૌરાષ્ટ્રના ઘણા વિદ્યાર્થીઓને અહીંયા અભ્યાસ કરવા આવવું પડે છે. એટલે મારું નમ્ર સૂચન છે કે વિદ્યાલયની એક શાખા જો મોરબીમાં શરૂ કરવાનો વિચાર રાખવામાં આવે તો સૌરાષ્ટ્રમાં આ એક બહુ સારું ક્ષેત્ર છે. વિદ્યાલયમાં વિદ્યાર્થીઓની સંસ્કારિતા ઉપર ધ્યાન અપાતું હોવાથી તેમાં રહેનાર વિદ્યાર્થી વિનયવંત અને વિવેકી થઈને બહાર આવે છે. અને અત્યારે વિદ્યાર્થીવર્ગનાં જે આંદોલનો થઈ રહ્યાં છે તેમાંથી આ વિદ્યાર્થીઓ, ધાર્મિક અભ્યાસ તેમ જ તેમને મળેલા સંસ્કારોને કારણે, અલિપ્ત રહી શક્યા છે. શિક્ષણના કાર્યને વેગ આપી જૈન શાસનનો ડંકો જગતમાં ફરકાવવો હોય તો તમારું ધન વિદ્યાલય જેવી સંસ્થાને આપો. કારણ કે વિદ્યાદાન જેવું એકે દાન નથી. પૂજ્ય વલ્લભસૂરિજી મહારાજે કહ્યું છે તેમ વિદ્યાલય જૈન સમાજની શાન છે, પ્રવૃત્તિની પારાશીશી છે, શ્રમની સિદ્ધિ છે, અને આદર્શની ઇમારત છે.

અંતમાં વિદ્યાલયના આદ્ય પ્રેરક સ્વ. પૂ. આ. વિજયવલ્લભસૂરિજી મહારાજશ્રીને કોટીશઃ વંદન સાથે શાસનદેવ પ્રત્યે પ્રાર્થના છે કે આ સંસ્થા સદા-સર્વદા પ્રવૃત્તિમાન અને વિકાસશીલ હો અને દેશની તથા સમાજની સેવામાં વિશેષ સહાયભૂત હો!

મોરબી; તા. ૩–૧–૬૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org